# <u>દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી</u>
## <u>યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,</u>
## <u>સુરત–૭</u>

**<u>ખાનગી</u>** **<u>સિન્ડિકેટની તાકીદની</u>**
**<u>સભા</u>**
**ફકત સભ્યોની જાણ માટે** **તા: ૮–૫–૨૦૦૩**

### –: <u>કાર્યવાહી</u> :–

સિન્ડિકેટની તાકીદની (Urgent) સભા ગુરુવાર, તા: ૮–૫–૨૦૦૩ ના રોજ બપોરે, ૧૧–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | હાજર |
| ૭. | આચાર્યશ્રી ડૉ. ઓમી બરજોરજી કાવીના | ગેરહાજર |
| ૮. | ડૉ. કિશોર રતીલાલ દેસાઇ | હાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૦. | પ્રા.ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | ગેરહાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઇ નવનીતલાલ રાણા | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઇ રામજીભાઇ વાઘેલા | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઇ જગદીશચંદ્ર ગોયલ | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | હાજર |

(૧) સિન્ડિકેટ, તા.૨૯–૪–૨૦૦૩ ની તાકીદની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટ, તા.૨૯–૪–૨૦૦૩ની તાકીદની સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવી હતી અને ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૨) વાલોડની સરકારી વિજ્ઞાન કોલેજનું જૂન, ૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા એકેડમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

<u>**શરતો:–**</u>

૧. યુનિવર્સિટીના ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

૨. કોલેજના આચાર્યશ્રીના રહેઠાણ માટેની વ્યવસ્થા બની શકે તો કોલેજ કેમ્પસમાં કરવામાં આવે.

૩. હાલમાં કોલેજમાં ૨૦ કોમ્પ્યુટરની સંખ્યા છે. બીજા વધારાના ૧૦ કોમ્પ્યુટરનીખરીદી કરવામાં આવે.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો સ્વીકારવી અને નીચે જણાવ્યા પ્રમાણેની વધારાની શરતો આમેજ કરવી. ઉપરોકત તમામ શરતોનું અને સિન્ડિકેટે આમેજ કરેલ વધારાની શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે વાલોડની સરકારી વિજ્ઞાન કોલેજને જૂન, ૨૦૦૨–૨૦૦૩ના શૈક્ષણિક વર્ષથી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી :

<u>**સિન્ડિકેટે મૂકેલી વધારાની શરત :**</u>

૩. એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ શરત ક્રમાંક: ૩ માં નીચે પ્રમાણે ઉમેરવું.

કોમ્પ્યુટર લેબને દર વર્ષે અપડેટ કરવામાં આવે.

૪. ગ્રંથાલયમાં દર વર્ષે રૂા. ૧૦,૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.

સભ્યશ્રી આચાર્ય આર.સી.શુકલએ નાસંમતિ દર્શાવતી લેખિત નોંધ આપી હતી.

(૩) વાંસદાની સરકારી વિનયન કોલેજનું જૂન, ૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા એકેડમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

**<u>શરતો:–</u>**

૧. બિન–શૈક્ષણિક કર્મચારીઓનું ખુટતું મહેકમ પૂર્ણ કરવામાં આવે જેમાં કન્ટીજનસી પર આવતા પટાવાળા– કલાર્કની જગ્યા કાયમી ધોરણે ભરવામાં આવે.

૨. પુસ્તાકાલયમાં કોઈ મદદનીશ કલાર્ક મુકવામાં આવે જે હાલમાં નથી તેમજ પટાવાળાની સેવા પણ ઉપલબ્ધ કરવી.

૩. રૂ.૨૫૦૦૦/– ના પુસ્તકો/સામાયિકો/રેફરન્સબુકો ખરીદવામાં આવે.

૪. વિદ્યાર્થીઓના રમતના સાધનો તથા મેદાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે.

૫. રાજય સરકાર તથા યુનિવર્સિટીના ધારા ધોરણોનું યથાર્થ પાલન કરવામાં આવે.

૬. કોલેજ સંચાલનમાં જો કંઈ ખોટ જાય તો ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલક મંડળ આપે.

૭. યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૬૯(એ) અને ૬૯(બી) નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો સ્વીકારવી અને તેમાં જણાવેલ તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવે તે શરતે વાસંદાની સરકારી વિનયન કોલેજને જૂન, ૨૦૦૨–૨૦૦૩ના શૈક્ષણિક વર્ષથી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા રાજય સરકારને ભલામણ કરવી :

સભ્યશ્રી આચાર્ય આર.સી.શુકલએ નાસંમતિની લેખિત નોંધ આપી હતી.

(૪) આહવાની સરકારી વિનયન અને વાણિજય કોલેજનું જૂન, ૨૦૦૨ થી કાયમી ધોરણે જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના

અહેવાલમાં જણાવેલ શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા એકેડમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

**શરતોઃ–**

૧. વાંચનાલયમાં રૂ.૧૫,૦૦૦/– ના નવા પુસ્તકો, રેફરન્સ બુકો ખરીદવામાં આવે.

૨. રમત–ગમત માટે જરૂરી સાધનો વસાવવામાં આવે.

૩. શારીરિક શિક્ષણનાવ્યાખ્યાતા કાયમી ધોરણે સરકાર નિમણૂક કરે.

૪. રમત–ગમતના મેદાનની યોગ્ય સુવિધા આપવામાં આવે.

૫. રાજ્ય સરકાર તથા યુનિવર્સિટીના ધારા–ધોરણનું યોગ્ય પાલન કરવામાં આવે.

૬. જો કોલેજ સંચાલનમાં કંઈ ખોટ જાય તો સંચાલક મંડળતે ભરપાઈ કરવાની ખાત્રી આપે.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો સ્વીકારવી અને તેમાં જણાવેલ તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવે તે શરતે આહવાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજને જૂન, ૨૦૦૨–૨૦૦૩ના શૈક્ષણિક વર્ષથી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી :

સભ્યશ્રી આચાર્ય આર.સી.શુકલએ નાસંમતિની લેખિત નોંધ આપી હતી.

(૫) યુનિવર્સિટીના Department of Comparative Literature ના અનુસ્નાતક વિભાગમાં રીડર ડૉ.(શ્રીમતી) સવિતા ગૌરએ તેમના The impact the Bhagavt Gita on Non-Resident Indians settled in the United state of America પર અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતા હોઈ તે અંગે તેમણે તા.૩૦–૬–૨૦૦૩ થી તા.૩૦–૧૨–૨૦૦૩ = ૬ માસ સુધી યુનિવર્સિટીમાં પ્રવર્તમાન Sabbatical Leave મંજૂર કરવા અંગે તેમણે તેમના તા.૨૭–૪–૨૦૦૩ ના પત્ર થી કરેલ વિનંતિ પર વિચારણા કરવા બાબત.

**(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના નિયમ મુજબ Sabbatical Leave મંજૂર કરવી.

(૬) યુનિવર્સિટીના નોટીફીકિશન ક્રમાંક S-6(2)/3384 તા.૨૪–૪–૨૦૦૩ અંતગર્ત Department of Computer Science નો સ્ટેટયૂટ ૨૯૧ (૧૭) હેઠળ નવા Department તરીકે સમાવેશ કરવામાં

આવ્યો હોઈ. યુનિવર્સિટીના નીચે જણાવેલ Statute 293 માં કરેલ જોગવાઈ મુજબ તે વિભાગમાં સૌથી શ્રેયાંન Reader ની જગા પર ફરજ બજાવી રહેલ ર્ડા.એ.એ.દેસાઈને તે વિભાગના હેડ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(જનરલ)**

<u>Statute 293</u>

There shall be a Head of the Department for each Department to be appointed by the syndicate. The Syndicate shall appoint the senior most full time teacher not below the rank of Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent of leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16(1) Class 1(C)(1) and Section 19(1)(VI).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સનો સ્ટેટયૂટ ૨૯૧(૧૭) હેઠળ નવા ડિપાર્ટમેન્ટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોઈ સ્ટેટયૂટ ૨૯૩ ની જોગવાઈ અન્વયે ડૉ. એ.એ.દેસાઈને તે વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ તરીકે નિમણૂંક આપવી.

(૭) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં નવા બંધાનાર નર્મદભવન (સેન્ટર ફોર કોમન સર્વિસ) ના મકાન માટે આર્કીટેકટ શ્રી ભરત શેઠ ધ્વારા તૈયાર કરેલ પ્લાન ઉપર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૮) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ભૂતપૂર્વ યોજના અધિકારી અને હાલના નાયબ કુલસચિવશ્રી જે.કે.વનપરીયા ને

(૧) તા. ૧૨–૧૨–૮૩ થી જોડાયેલી તારીખથી મળવાપાત્ર હકક રજા જમા કરવા અને તેમાંથી ભોગવેલ LWP રજાઓ બાદ કરવા તેમજ બાકી રહેતી હકક રજાઓનું નિયમોનુંસાર (૧૯૯૭ વર્ષ પહેલાની હકક રજાનું) રોકડમાં રૂપાંતર કરવા.

(૨) માંદગીની રજાઓ જમા કરવા.

(૩) સને ૨૦૦૦ માં બનાવેલ ભૂલવાળી સર્વિસબુક રદ કરી નવી બનાવવા.

(૪) ૧૯૯૨ થી નિરંતર શિક્ષણની ગ્રાંટ બંધ થઈ ત્યાં સુધી (યુ.જી.સી.ની ગ્રાંટ આવી ત્યાં સુધી)

મળવાપાત્ર સિનિયર સ્કેલ આપવા અંગે વિચારણા કરવા બાબત.

**(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં યુનિવર્સિટી કાર્યાલયના અન્ય કર્મચારીઓને આપેલ છે, તે મુજબ મંજૂર કરવામાં આવે છે.

(૯) કેમ્પસ ખાતે બંધાનાર તળાવ અંગે તથા તેની આજુબાજુના વિસ્તારના લેન્ડસ્કેપીંગ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(એસ્ટેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકટ શ્રી ભરતભાઈ શેઠ નિર્દિષ્ટ તળાવ અને લેન્ડ સ્કેપીંગ કામ માટે રૂપિયા ૫૦ લાખ મંજુર કરવામાં આવે છે. અને આગળની કાર્યવાહી માટે યુનિવર્સિટીના બાંધકામ વિભાગને નિર્દેશ કરવામાં આવે છે.

(૧૦) યુનિવર્સિટી કાર્યાલયના ગ્રંથાલય વિભાગમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ ૩ કર્મચારીઓને ટેકનીકલ આસિસ્ટન્ટ (ગ્રંથાલય) તરીકે બઢતી આપતાં તે પૈકીના એક કર્મચારી કુ.એચ.આર. હીલ્લુએ કરેલ કોર્ટ કેસનો જે કાંઈ પરિણામ આવે તે બંધન કરતા રહેશે તે શરતે બઢતી આપવામાં આવી હતી.

ઉપરોકત કમર્ચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેમના નામ સામે તારીખે પૂરો થાયછે. જે તેમને કાયમ કરવા અંગે સિન્ડિકેટ સમક્ષ કોર્ટનો નિર્ણય ન આવે ત્યાં સુધી બાબત પડતર રાખવામાં આવી હતી. જેના સંદર્ભમાં યુનિવર્સિટી એડવોકેટ શ્રી સુરેશ એન.શેલટનો અભિપ્રાય મંગાવતા તેમના તારીખ ૪–૩–૨૦૦૩ ના પત્રમાં નીચે પ્રમાણે અભિપ્રાય જણાવેલ છે.

(1) “As Regards the confirmation / Continuation of the employee is concerned, the University is well advised to take appropriate decision after considering the confidentially Report.”

(2) "Since the petitioner is already promoted, the cause of action in the petition no longer subsist. Therefore the University may suggest to the petitioner to withdraw the petitioner."

ઉપરોકત હીકકતના સંદર્ભમાં તેઓને Confirm કરવા અંગે યુનિવર્સિટી એડ્વોકેટના આવેલ અભિપ્રાય સંદર્ભમાં આ કમર્ચારીઓને કાયમ કરવા અંગે ઘટતો નિર્ણય લેવા એડ્વોકેટના આવેલ તા.૪–૩–૨૦૦૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કે.એન.મહેતા | તા.૩૧–૧૦–૨૦૦૨ |
| ૨. | શ્રી આર.કે.દેસાઇ | તા.૩૧–૧૦–૨૦૦૨ |
| ૩. | કુ.આર.હિલ્લુ | તા.૧–૧૧–૨૦૦૨ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની એક સમિતિ બનાવી તેઓ તેમનો રીપોર્ટ કુલપતિશ્રીને આપશે.

(૧) આ.શ્રી. આર.સી.શુકલ
(૨) પ્રા.શ્રી. અનિલભાઇ ગોયલ
(૩) પ્રા.શ્રી. ગીરીશભાઇ રાણા
(૪) પ્રા.શ્રી. બી.જી.પંચાસરા
(૫) પ્રા.શ્રી. કે.આર.દેસાઇ
(૬) શ્રી કિશોરભાઇ વાઘેલા

(૧૧) પાર્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત ઘ્વારા સ્વનિર્ભર સર્વોદય બી.એડ. કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા.૫–૫–૨૦૦૩ ના પત્રાંક:૮૦–૦૩/૦૪ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની એક સમિતિ બનાવી તેઓ તેમનો રીપોર્ટ કુલપતિશ્રીને આપશે.

(૧) પ્રા.શ્રી. અનિલભાઇ ગોયલ
(૨) ડૉ. કે.આર.દેસાઇ
(૩) ડૉ. ઉમેદસિંહ
(૪) ડૉ. કિશોરસિંહ દેસાઇ

(૧૨) યુનિવર્સિટીના અર્થશાસ્ત્રનાં અનુસ્નાતક વિભાગ ઘ્વારા ચલાવવામાં આવતા M.B.E. Self finance Programme માં રૂા.૧૪૦૪૦/– માસીક fixed પગારથી બે વર્ષના કોન્ટ્રાક પર નીચે જણાવેલ લાયકાત ધોરણ ધરાવતા ઉમેદવારની નિમણૂક કરવાની પરવાનગી આપવાની વિનંતી

કરતા તે વિભાગનાં પ્રોફેસર એન્ડ હેડ ડૉ.એ.એસ.ચારણ ના આવેલ તા.૧૦–૪–૨૦૦૩નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

**(હ્યૂમિનિટી)**

The department proposes to recruit a person with following background :

MBA with specialization in Finance / marketing

OR

MBE with specialization in Finance / Financial Economics.

OR

M.A.M.Phil or M.A.Ph.D in Economics with specialization in finance / financial Economics.

Person who is well acquainted with Insurance sector, Banking, Law and in Indian economy

will be given preference.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત માંગણી મંજુર કરવામાં આવે છે.

(૧૩) કુલસચિવ, કન્ટ્રોલર ઓફ એકઝામીનેશનની જગાઓ માટે ઘડવામાં આવેલ સ્ટેટયૂટ ૨૧૧ થી ૨૨૨ સેનેટની તારીખ: ૩૦–૦૩–૨૦૦૩ની સભામાં રજૂ કરતાં પ્રસ્તુત બાબત રીફરએક કરવામાં આવી હોય જે અંગે પુન: વિચારણા કરવા બાબત તથા તે કોના ધ્વારા સેનેટમાં રજૂ (MOVE) કરાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચવી.

(૧૪) ડૉ. (શ્રીમતી) અનસુયાબેન ટી. શેઠ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના પરીક્ષા નિયામક શ્રી દિલીપ સી.શાહની વિરુધ્ધમાં કરેલ ફરીયાદ સંદર્ભમાં તેમના તારીખ ૬–૩–૨૦૦૩ ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચવી.

(૧૫) યુનિવર્સિટીની જમીનનો માસ્તર પ્લાન તૈયાર કરવામાં આવેલછે. અને તેની નકલ રાજય સરકારને કાર્યાલય ધ્વારા રજૂ કરેલ છે. તેની નોંધ લેવા બાબત.

**(એસ્ટેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની સિન્ડિકેટના સભ્યોએ નોંધ લીધી.

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી:</u>**

(૧૬) શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ, ઉધના–સુરત દ્વારા સુરત મુકામે સૂચિત સ્વનિર્ભર બી.એડ. કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ થી શરૂ કરવા અંગે પ્રસ્તુત ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીને મળેલ જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

**<u>એકેડેમિક કાઉન્સિલની મંજુરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ કરેલ ભલામણ :</u>**

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ, ઉધના, સુરત દ્વારા સુરત મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ થી સુચિત સ્વનિર્ભર બી.એડ. કોલેજ શરૂ કરવા પ્રસ્તુત ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેની શરતોને આધિન સદરહુ ટ્રસ્ટને ૨૦૦૩–૨૦૦૪ના વર્ષથી એક વર્ષ માટે જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરે છે :

**<u>શરતો:</u>**

(૧) એન.સી.ટી.ઈ./રાજ્ય સરકારશ્રીની જરૂરી મંજૂરી મેળવી લેવામાં આવે.

(૨) યુનિવર્સિટી દ્વારા સૂચિત જરૂરી એફીલિયેશન ફી–ડિપોઝીટ ઈત્યાદી વિધિ ટ્રસ્ટ દ્વારા પૂર્ણ કરવામાં આવે.

(૩) જરૂરી સુવિધાઓ સમયસર પૂર્ણ થઈ છે કે નહીં તે માટે ચકાસણી સમિતિ નીમવામાં આવે.

(૪) ઓ. ૬૯ એ.બી. તથા યુનિવર્સિટીના નીતિ–નિયમોનું યથાર્થ પાલન કરવાની ખાતરી ટ્રસ્ટ આપે.

(૫) સંચાલન કરતા જો ખોટ જાય તો તે ભરપાઈ કરવાની ટ્રસ્ટ ખાતરી આપે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ભલામણ મંજુર કરવામાં આવે છે.

(૧૭) ડીપાર્ટમેન્ટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક:એમબીએ/એમસીએ/પ્રા.૫/ ૨૦૦૩/ક(૨)૨૨૪૫૯ તા: ૨૪/૨૫–૪–૨૦૦૩ અન્વયે, વિચારણા કરવા બાબત. **(એમ.બી.એ.)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડાયરેકટર ટેકનીકલ એજ્યુકેશન ગુજરાત રાજયના ઉપરોકત પત્ર ધ્વારા સૂચિત એમ.બી.એ./એમ.સી.એ.ના જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ ચાન્સેલરની મીટીંગમાં ગુજરાત રાજયની યુનિવર્સિટીઓની એમ.બી.એ./એમ.સી.એ. અભ્યાસક્રમ પ્રવેશ કાર્યવાહી કરવા માટે યોગ્ય નિર્ણય લેવા માટે અને અમલ કરવા માટે સંપૂર્ણ સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

(૧૮) રાજય સરકારના શિક્ષણ વિભાગના તા: ૮–૪–૨૦૦૩ના ઠરાવ ક્રમાંક: એનજીસી–૧૧૦૩–૬૩૧–ખ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે નીચે જણાવેલા સભ્યોની એક સમિતિ બનાવવામાં આવે છે, અને તેઓ તેમનો રીપોર્ટ કુલપતિશ્રીને આપશે.

(૧) આ.શ્રી. આર.સી.શુકલ — (૨) પ્રા.શ્રી. કે.આર.દેસાઈ
(૩) પ્રા.શ્રી. બી.જી.પંચાસરા — (૪) ડૉ.શ્રી. એસ.એસ.શર્મા
(૫) પ્રા.શ્રી. અનિલભાઈ ગોયલ — (૬) પ્રા.શ્રી. ગીરીશભાઈ રાણા

(૧૯) યુનિવર્સિટી બીન–શૈક્ષણિક કર્મચારી યુનિયન તરફથી પાઠવવામાં આવેલ પત્રમાં જણાવ્યા પ્રમાણે સિન્ડિકેટ ઈલિકશનની કામગીરીના બહિષ્કાર કરવા પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: ચર્ચાને અંતે ઉપરોકત બાબતમાં એમ ઠરાવવામાં આવ્યું કે, નીચે જણાવેલ સભ્યોની એક સમિતિ બનાવવી જે યુનિયનના સભ્યો જોડે વિચાર વિમર્શ કરી તેનો રીપોર્ટ માનનીય કુલપતિશ્રીને સુપરત કરશે.

(૧) આ.શ્રી. આર.સી.શુકલ — (૨) પ્રા.શ્રી. અનિલભાઈ ગોયલ
(૩) પ્રા.શ્રી. ગીરીશભાઈ રાણા — (૪) પ્રા.શ્રી. કે.આર.દેસાઈ
(૫) શ્રી કિશોરભાઈ વાઘેલા — (૬) પ્રા.શ્રી. બી.જી.પંચાસરા

(૨૦) સુરતની મ્યુનિસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સ્થળ પર તપાસ કરી યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ શરતોનું યથાર્થ પરિપાલન કોલેજે કર્યુ છે કે કેમ તેની ચકાસણી કરવા માટેની ચકાસણીસમિતિ પર સિન્ડિકેટે, તેની તા: ૨૨–૭–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૯) અન્વયે, નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર ચકાસણી કરી યુનિવર્સિટીને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરતની મ્યુનિસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા અંગેની શરતોના યથાર્થ પરિપાલન બાબતમાં ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ ચકાસણી સમિતિનો અહેવાલ સ્વીકારવો અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨૧) સુરતની મ્યુનિસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર)નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ આપવા એકેડેમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

**<u>શરતો</u>:**

(૧) હોસ્પીટલના બાકી રહેલા ભાગને કોલેજ સાથે સંલગ્ન વહેલામાં વહેલી તકે મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમો મુજબ નવા બાંધકામમાં ફેરબદલ કરવી.

(૨) આચાર્યશ્રીના રહેઠાણ અંગે દર્શાવેલ પ્લાન મુજબ વહેલામાં વહેલી તકે મકાનની ફાળવણી કરવી.

(૩) સંસ્થાના બાકી રહેલ અધ્યાપક ગણની નિમણૂંક પણ વહેલામાં વહેલી તકે કરી ઉપરોકત નિમણૂંકની જાણ યુનિવર્સિટીના સત્તાધીશોને કરવી.

(૪) પ્રવેશ ધોરણને અનુરૂપ નહી એવા અહેવાલમાં જણાવેલા ત્રણેય વર્ષ એટલે કે સને ૨૦૦૦–૦૧, ૨૦૦૧–૦૨, ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષમાં એન.આર.આઈ. જગ્યાઓ પર ખામીભર્યા પ્રવેશ રદ કરવામાં આવે તથા તેમની ફી પરત કરવામાં આવે.

(૫) હવે પછી અપાતા પ્રવેશમાં એન.આર.આઈ. સીટ પર નિયમાનુસાર જ પ્રવેશ આપવામાં આવશે એવી બાંહેધરી આપવામાં આવે.

(૬) કોલેજના સંચાલનમાં જતી ખોટ સંચાલક એટલે કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ભરપાઈ કરશે એવી બાંહેધરી આપવામાં આવે.

(૭) યુનિવર્સિટીના તમામ ધારા–ધોરણોનું યથાર્થ પાલન કરવામાં આવશે એવી બાંહેધરી આપવામાં આવે.

(૮) કોલેજના ગ્રંથાલય માટે રૂા. ૬૭૦૦૦૦૦/– ના પુસ્તકો તથા રૂા. ૨૨,૦૦૦૦૦/– ના જર્નલ્સ મંગાવવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ભલામણ સ્વીકારવી અને ભલામણમાં જણાવેલ તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ(સ્મીમેર) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ સુધીનું એટલે કે, એક વર્ષ માટેનું ચાલુ/વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨૨) યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવું કેન્ટીન બિલ્ડીંગ પરીસર ઊભુ કરવા માટેના આર્કિટેક શ્રી ભરતભાઈ શેઠ ઘ્વારા તૈયાર કરવામાં આવેલ પ્લાન પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવું કેન્ટીન બિલ્ડીંગ પરીસર ઉભુ કરવા માટે આર્કિટેક શ્રીભરત શેઠે તૈયાર કરેલ પ્લાન મંજૂર કરવા અને આગળની કાર્યવાહી માટે યુનિવર્સિટીના બાંધકામ વિભાગને નિર્દેશ કરવામાં આવે છે.

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા: –૫–૨૦૦૩ ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/ તા: –૫–૨૦૦૩

પ્રતિ,

સિન્ડિકેટ ના સર્વ સભ્યશ્રીઓ............

××××××××××××××××××××